# હિંમતનગરથી વિજાપુર રોડ ઉપર આતંક રાત્રી દરમિયાન મારામારીનાં દશ્યો

હિંમતનગર, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર વિસ્તારના જહીરાબાદ, પાણપુર પાટીયા ખાતે મંગળવારની મોડી રાત્રીના સમયે અસાજીક તત્વોએ રીતસરના આંતક મચાવી પાણપુર પાટીયાથી આર.ટી.ઓ. સર્કલ સુધીનો રોડને બાનમાં લીધો હતો. આ ઝઘડાનું કારણ કરીયાણાના વેપારી અને અસામાજીક તત્વો વચ્ચે થયો હતો. તેમાં ૧૦થી વધુ લોકો ઘાયલ થયેલાનું જાણવા મળે છે. આ ઘાયલો સહિતના એક નિર્દોષ યુવક અમદાવાદ એપોલો હોસ્પિટલ ખાતે જીવન મરણ વચ્ચેનો જંગ ખેલી રહ્યો છે. આ બાબત હિંમતનગર ગ્રામ્ય તથા ટાઉન ખાતે સામ સામે ફરીયાદ નોંધાયેલ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગત તા. ૨૪ જુલાઈના રોજ ઝહિરાબાદમાં મેમાન સાકુનાબાનુએ કરિયાણાની દુકાન શરૂ કરી હતી આજ વિસ્તારમાં બીજી કરીયાણાની દુકાન ઈમયાજ ફકીર ધરાવનારના સંબંધીઓ હુસેન શા દિવાન સહિતના લોકોએ ૨૪મી જુલાઈના રોજ સાંજે સાહનાબાનુને ઘરે જઈ માર માર્યો હતો. જેના અનુસંધાને ટાઉન પોલીસ ચોકીએ ફરીયાદ નોંધાઈ હતી. આજ માર મારનાર માણસોએ પાલનપુર પાટીયાની મહિલા કોલેજ સામે આવેલ કે.જી.એન. હોટલ ઉપર ભારે તોડફોડ કર્યાનું જાણવા મળે છે.

આ બનાવના અનુસંધાને રાત્રીના ૧૨ વાગ્યેના સુમારે આરટીઓ સર્કલ નજીક હોટલ રોયલ ખાતે રફીકભાઈ જાન મહમંદ મેમણ સહીતના માણસો હોટલ ઉપર બેઠેલા હતા તે દરમ્યાન હુસેનના દિવાન તથા તેમની સાથે પંદરથી વીસ માણસો લાકડીઓ અને પાઈપો લઈને આવી ચઢ્યા હતા. અને આતંક મચાવી ઈદીશભાઈ સતારભાઈ મેમણને કાનના પાછળના ભાગે તથા પીઠમાં છરી મારી ઘાયલ કર્યા હતા. હોટલના કારીગરને પણ માર્યો હતો અને છુટા પથ્થરો મારી ભારે આંતક મચાવ્યો હતો. વિજાપુર રોડને બાનમાં લીધો હતો.

પાણપુર કે.જી.એન. હોટલ પાસે જે લોકો આવે તેને જનુની ટોળાએ ઘેરી લઈ ત્રણ યુવકોને જીવલેણ હુમલો કર્યો હતો. હારૂન યશરફ સમદભાઈ પ્રાંતિજવાલા, ઉં.વ. ૨૮ રહે. મોટી વહોરવાડ, હિંમતનગરના ઉપર તુટી પડ્યા હતા. હારૂન યશરફને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા તેમને અમદાવાદ ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે. જ્યારે અન્ય બે યુવાનો સારવાર હેઠળ છે.



કાંકરેજ તાલુકાના આકોલી ઠા. વાસ ખાતે ૨૫ થી ૩૦ વર્ષ પહેલાં પાણીની ટાંકી બાંધવામાં આવી હતી તે હવે તૂટી ગયેલી હાલતમાં જર્જરીત અવાવરું પડી છે. ગ્રામ લોકોને પાણી માટે પંચાયત બોર સતત ચાલુ કરવામાં આવે તો છે. પરંતુ પાઈપ લાઈનોમાં અલગ-અલગ વાલ્વ હોવાથી સમયસર અને પૂરતું પાણી મળતું ન હોવાની સમસ્યા કેટલાક સમયથી ઉભી થયેલ છે. પાણી પુરવઠા દ્વારા બનાવાયેલ અંડર ગ્રાઉન્ડ ટાંકી પણ કાદવ કિચડની જેમ બંધ હાલતમાં પડેલ છે તો લોકોની લાગણી ને માન આપી અધિકારીઓ ઘટતું કરે એવો જનમત છે અને નરેગા યોજના અંતર્ગત ગામમાં જવાના અને ખેતરોમાં જવાના રસ્તાઓનું સમારકામ કરાવવામાં આવે તે ખૂબ જ જરૂરી છે. આમાં તાલુકા વિકાસ અધિકારીશ્રી આકોલી ઠા. વાસ ખાતે આવી નિરીક્ષણ કરીને ઘટતું કરે તે પ્રજાના હિતમાં રહેશે અને વધુમાં કે શિહોરી - દિયોદર જતા રોડની બાજુમાં જે ગામનો મુખ્ય માર્ગ છે ત્યાં ખૂબ જ પ્રમામમાં પાણી ભરાતું હોવાથી અને સ્થાનિકોના ઘરમાં પાણી પણ ભરાઈ જાય છે. (તસવીર : હેમુભા વાઘેલા)



કાંકરેજ તાલુકા મથક શિહોરી ખાતે મિશન મંગલમ્ દ્વારા મહિલોના વિકાસ માટે ગાયત્રી સખી મંડળે ચા-નાસ્તા હાઉસ કાંકરેજના ધારાસભ્ય શ્રી મગનસિંહ વાઘેલાના હસ્તે દીપ પ્રગટાવી ખૂલ્લું મૂકાયું હતું. ગુજરાત રાજ્યમાં મહિલોના વિકાસ માટે રોજગારીના ઉમદા હેતુથી મિશન મંગલમ્ દ્વારા ગાયત્રી સખી મંડળે ચા-નાસ્તા હાઉસનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું તે પ્રસંગની તસવીર.

## માણસા ખાતે બારકોડેડ રેશન કાર્ડ આપવાની કામગીરી પૂરજોશમાં

માણસા, તા.૨૯

ગુજરાત સરકાર દ્વારા જુના રેશન કાર્ડ જમા લઈ તેની જગ્યાએ નવા બાર કોડેડ રેશન કાર્ડ આપવાની કામગીરી પૂરજોશમાં ચાલુ છે ત્યારે ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે પણ જુના રેશન કાર્ડ લઈ નવા બારકોડેડ રેશનકાર્ડ આપવાની વિતરણ વ્યવસ્થા ધમધમે છે.

માણસા તાલુકામાંથી ૪૧૯૯૦ જેટલી અરજી નવા કાર્ડ માટે મળી હતી. જેમાં નાયબ પૂરવઠા અધિકારી એસ.એસ. દેસાઈએ જણાવ્યું કે ૨૫ ટકા કામગીરી એટલે કે ૧૦,૦૦૦ કાર્ડ ઈસ્યુ થઈ ગયા છે. તાલુકાના મોટા ગામડાઓ જેવા કે લોદરા, આજોલ, દેલવાડા બદપુરા ગામોમાં કામગીરી ચાલુ છે. આ કામગીરીમાં સિલ્વર ટચ કંપની જેને કોન્ટ્રાકટ આપવામાં આવ્યો છે તેના માણસા એકમના ઈન્ચાર્જ જગદીશ પંચાલ, વિરેન્દ્ર ગઢવી તેમજ આઠ વ્યકિતના સ્ટાફ દ્વારા ઝડપી કામગીરી હાથ ધરવામાં આવી છે. આગામી ટુંક સમયમાં માણસા ખાતે બારકોડેડ રેશનકાર્ડ આપવાની કામગીરી ૧૦૦ ટકા પૂર્ણ થઈ જશે તેમ જણાવાયું છે.

## ડીસામાં દશામાં વ્રતની પુર્ણાહુતી : હજારોની માનવ મેદની મા દશામાં દર્શનાર્થે ઉમટી

ડીસા, તા. ૨૯

મા દશામાંનું વ્રત તેના આખરી ચરણોમાં હોઈ વ્રત ધારી મહીલાઓ માંના દર્શન કરી ધન્યતા અનુભવી રહી છે. દશામાના વ્રત કરનારી બહેનો દશામાના વ્રત કરી પોતાની મનોકામનાઓ પૂર્ણ કરતી હોય છે. જેમાંડીસા શહેરના રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલા દશામાના મંદીરે ભાવીક ભકતોની ભારે ભીડ જોવા મળી હતી.

આજે દશામાના વ્રતો નો છેલ્લો દિવસ હોુવાથી વહેલી સવારથી જ દુખીયાઓના દુખ દુર કરનારી મા દશામાના વ્રત ને વ્રત પૂર્ણતાના આરે છે. ત્યારે ડીસા શહેરના રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલુ દશામાના મંદીરે દશ દિવસની અંદર બનાસકાંઠા જીલ્લામાંથી અનેક માઈ ભકતો અહીયા દર્શાનાર્થે આવે છે. અને અહીયા દશ દિવસમાં મેળા જેવો માહોલ સર્જાય છે. જેમાં આજે છેલ્લા દિવસે વહેલી સવારથી જ આજુબાજુના ગામોમાંથી મોટી સંખ્યામાં દશામાના દર્શન કરવા માટે માઈ ભકતોની ભારે ભીડ જોવા મળી હતી. આ મંદીરે રેલ્વે સ્ટેશન વિસ્તારના પચાસથી વધુ યુવાનોએ ખડેપગે રહી પોતાની સેવા આપી હતી. અને સવારથી સાંજ સુધી કોઈ પણ જાતની ભકતોને તકલીફ નપડે તેની પણ કાળજી લીધી હતી.તેમજ ડીસા શહેર પોલીસ દ્વારા પણ માઈ ભકતોની ભારે હોવાની કોઈ અનિચ્છનીય બનાવ નબને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. અને રેલ્વે સ્ટેશન ચાર રસ્તાથી મોટા વાહનોની અવર - જવર બંધ કરી દેવામાં આવી હતી. સાથે સાથે બાળકોના મનોરંજન માટે આનંદ મેળામાં પણ ભારે ભીડ જોવા મળી હતી. તેમજ ડીસા રેલ્વે સ્ટેશન ચાર રસ્તા નજીક મેલડી માતાના ભકત શીવાજી ઠાકોર દ્વારા દર વ"ર્ષની જેમ આ વ"ર્ષે પણ માઈ ભકતો માટે પાણીનો કેમ્પ રાખવામાં આવ્યો હતો.

# ડીસાના ઉમીયાનગર વિસ્તારમાં પીવાના પાણીમાંથી સાપના કણા નીકળતા લોકોમાં ભય

## પાલિકાની ઘોર નિષ્કાળજી સામે લોકોનો રોષ

ડીસા, તા. ૨૯

ડીસા નગરપાલિકા વિસ્તારમાં શહેર ભરમા બોર મારફતે પીવાનુંપાણી પહોંચાડાય છે. જોકે આ તમામ બોરોનું નિયમીત ક્લોરીનેશન ન થતા આ પીવાના પાણીના બોરોમાં ઝેરી જીવ જંતુ તેમજ અનેક જગ્યાઓએ લીકેજમાં દુષીત પાણીનુ ગળતર થતા પાણી જન્ય રોગ શહેરી વિસ્તાર ફરતે ભરડો લે તેવી ભીતી સેવાઈ રહેલ છે. આ મામલે અર્બન હેલ્થ ઓફીસર ડીસા તેમજ બ્લોક હેલ્થ કચેરી દ્વારા અનેકો વાર નોટીસો પણ ઈશ્યુ કરાયેલ છે. તેવાજ સમયે ડીસાના ઉમીયા નગર થી કચ્છીકોલોની વિસ્તારમાં નગર પાલીકાના નળ કનેકશન માંથી નાના સાપના કણ નીકળવાથી લોકોમાં ભારે ભય ની લાગણી છવાઈ હતી.

જેની વિગતો જોઈએ ડીસાનાં ઉમીયા નગર વિસ્તારમાં પાલિકા દ્વારા અપાતા પીવાના પાણીમાં સાપના કણા તેમજ જેરી જીવજંતુઓ દેખાતા સ્થાનીકોમાં ભય સાથે રોષ ફેલાયો હતો થોડા દિવસો પહેલા ધાનેરા ગામમાં આવો જ એક બનાવ બનવા પામ્યો હતો. જેનાથી ધાનેરા ગામની પ્રજાજનો માં વિવિધ જાતની બીમારીઓ જેવી કે જાડા, ઉલ્ટી, તાવ તેમજ કોલેરા જેવી બીમારીઓનો સામનો કરવો પડયો હતો. અને આરોગ્ય તંત્ર પણ દોડતુ થઈ ગયું હતું. અને આ વિસ્તારને કોલેરા ગ્રસ્ત જાહેર કર્યો હતો.ત્યારે ડીસા શહેરી વિસ્તારમાં પણ પાલિકા દ્વારા અપાતુ પીવાનું પાણી દુષીત હોવાની ચોમેરથી રાડ ફરીયાદ ઉઠેલ છે. ડીસા શહેરના ઉમીયાનગરથી કચ્છી કોલોની જતા વિસ્તારમાં નગર પાલીકા ના પીવાના પાણીના નળમાંથી સાપના કણ નીકળતા સ્થાનીક રહીશો ભયભીત થઈ ગયા હતા. અને પીવાનુ પાણી ઢોળી નાખ્યું હતું. આ પાણીના કણ કયાંથી આવ્યા અને કેવી રીતે આવ્યા તેની અમને કોઈ ખબર નથી. અમે આજે સવારે પીવાનુ પાણી ભરી રહ્યા હતા. ત્યારે આ સાપના નાના કણો માટલાની અંદર પાણી ગાળી રહ્યા હતા.તે વખતે અમને નજરે ચડતા અમે તાત્કાલીક પત્રકારોને બોલાવી આ બનાવની વિગતો જણાવી હતી. અને અમારા વીસ્તારમાં આવા સાપના કણ અગાઉ પણ બે થી ત્રણ વખત નીકળ્યા હતા. નગર પાલીકાને જાણ કરવા છતા આનો કોઈ પણ નીકાલ આવ્યો નથી. તો તાત્કાલીક આ પીવાના પાણીની ચકાસણી કરી હતી.



દશામાં ના વ્રતની શનિવારના રોજ જાગરણ કરી વ્રતધારી મહીલાઓ એ આખીરાત માતાજીનું જાગરણ કરી દશામાની સાઢણીની નદીના પટમાં વિસર્જન કર્યું હતું. દુખીયાઓની બેલી એવી દશામાંનું વ્રત શનિવારનાં રોજ પુરું થતા વ્રતધારી મહીલાઓએ દસામાંના મંદીરે દર્શન કરવા માટે પડાપડી કરી હતી અને આખી રાત માતાજીના ગરબા તેમજ વિવિધ અયોજનો કરી જાગરણ કરી વહેલી સવારે માતાજીની પુજા, આરતી કરી માતાજીને માથા પર ઊપાડી વાજતે-ગાજતે માતાજીને નદીના પટમાં વિસર્જન કરવા માટે આવી હતી. જોકે આ વર્ષે પણ નદીમાં પાણી ન હોવાથી પાણીના ટાંકામાંથી પાણી છોડી દશામાંની સાઢણીઓની વીસર્જનની વ્યવસ્થા કરવામાં આવી હતી અને વ્રતધારી મહીલાઓની ભારે ભીડ હોવાથી પ્રાંતિજ પોલીસનો સ્ટાફ ખડે પગે ઊભા રહી ટ્રાફીક વ્યવસ્થા તેમજ ચુસ્ત પોલીસ બંદોવસ્ત પણ ગોઠવવામાં આવ્યો હતો. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## ડીસામાં સ્પોર્ટસ કલબ ખાતે સ્કેટીંગ અને આદર્શ સ્કૂલમાં સોફ્ટ બોલ સ્પર્ધાઓ યોજાઈ

ડીસા, તા. ૨૯

બનાસકાંઠા જીલ્લા રમત ગમત કચેરી આયોજીત સ્કેટીંગ સ્પર્ધા ડીસાનાં સ્પોર્ટસ કલબ ગ્રાઉંડ ખાતે યોજાઈ હતી. જેમાં અન્ડર અગીયાર,ચૌદ,સત્તર તેમજ ઓગણીસ વ"ર્ષના સ્પર્ધક વિદ્યાથીઓએ ભાગ લીધો હતો. જેમાં મુખ્ય મહેમાન પદે સ્પોર્ટસ કલબ ડીસાના સભ્ય હરેશભાઈ રાવલ તેમજ મનસુખબાઈ વિગેરે હાજર રહ્યા હતા. આ સ્કેટીંગ સ્પર્ધામાં જીલ્લા ભરની સત્તર શાળાઓએ ભાગ લીધો હતો. અને ૧૦૦ સ્પર્ધકોએ પોતાનું કૌશલ્ય બતાવ્યું હતું. આ સ્પર્ધામાં એંજલ્સ સ્કુલનાં રમેશભાઈ ઠાકોર કનવીર તરીકે જ્યારે રેફ્રી તરીકે રાહુલભાઈ પરમાર હાજર રહ્યા હતા

જયારે અન્ય એક સ્પર્ધા ડીસાની આદર્શ હાઈસ્કુલ ખાતે યોજાઈ હતી. આદર્શ સ્કુલ ખાતે ડીસાની આદર્શ હાઈસ્કુલના વિદ્યાર્થીઓ તેમજ એસ.સી. ડબલ્યું હાઈસ્કુલના અન્ડર સેવન્ટીન વિધારથીઓ વચ્ચે સોફ્ટ બોલ સ્પર્ધા યોજાઈ હતી. આ ફાઈનલ મેચમાં યજમાન આદર્શ હાઈસ્કુલ વિજેતા બની હતી. છેલ્લા બે વ"ર્ષથી સોફ્ટ બોલની યોજાતી સ્પર્ધામાં આદર્શ હાઈસ્કુલ ચેમ્પીયન બને છે.

## તલોદમાં માલધારી સેલની બેઠક યોજાઈ

તાજપુર કેમ્પ, તા. ૨૯

તલોદ-પ્રાંતિજ ભાજપ માલધારી સેલની બેઠક તાજેતરમાં તલોદ મુકામે યોજાઈ હતી. જેમાં ૨૫૦ થી વધારે માલધારી સેલના કાર્યકરો હાજર રહ્યા અને આવનાર વિધાનસભા ચૂંટણીની તૈયારીની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. તલોદ સેવા સહકારી હોલમાં મળેલી તલોદ પ્રાંતિજ ભાજપ માલધારી સેલની બેઠકમાં ઉપસ્થિત આગેવાનોએ ભાજપ સરકારની કામગીરીના વિકાસ કામોની સમીક્ષા થઈ હતી અને કન્યા કેળવણી, સમાજ સુધારણા અને વ્યસન મુક્તી જેવી વિવિધ પ્રવૃત્તિમાં જોડાયેલા કાર્યકરોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં પંચાયત પ્રમુખ બંસીલાલ મહેતા, ભરતભાઈ પટેલ, મનહરભાઈ દેસાઈ સહિત અનેક અગ્રણીઓ હાજર રહ્યા હતા.


ગાંધીનગર સમાચાર

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com


સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

### સાબરકાંઠા જિલ્લામાં

| | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર) | ૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮ ૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩ ૩૩૩૪૩ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧ ૮૮૭૯૬ |
| અલ્તાફ શેખ | મોડાસા | ૯૯૯૮૮૯૮૬૭૮ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |
| મયુર ધ્વજસિંહ વાઘેલા | માણસા | ૯૮૭૯૦૯૯૯૩૩ |
| વિઠ્ઠલભાઈ સુથાર | લક્ષ્મીપુરા | ૯૪૦૮૧૨૫૧૧૫ |
| રમેશચંદ્ર ચોકસી | શામળાજી | ૯૪૨૭૫૨૮૯૪૧ |

### મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં

| | | |
|---|---|---|
| ગણપતભાઈ જોષી | પાલનપુર (બ્યૂરો ચીફ,બ.કાં.) | ૯૩૭૫૦૭૬૦૬૧ |
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા (બ્યૂરો ચીફ) | ૯૯૭૯૪૦૨૫૩૩ |
| હરેશ જોષી | પાલનપુર | ૮૦૦૦૯૧૧૬૧૬ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |


ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES APOLLO TYRES

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.

ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮



A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles Aquart | Wall Cladding | Marble Stone * Quartz

and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601



ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ • મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

• વ્હીલ એલાઈનમેન્ટ • બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) • સરકાર માન્યતા પ્રાપ્ત • અદ્યતન વર્કશોપ, બોડીકામ, • વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ • જેન્યુન પાર્ટસ • સર્વિસીંગ • ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન